જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૯/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૧/૧૪**

**ગાયકવાડ હવેલીઃ** વિજય પ્રતાપજી ઠાકોર (ઉ.વ.૨૪)(રહે.સોમનાથ ભુદરનો આરો કાચા છાપરાં જમાલપુર) એ વા.સા.હોસ્પીટલ ખાતે ગાયકવાડ હવેલી પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૯/૧૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર શાક માર્કેટની પાછળ મારવાડીની ચાલીના નાકા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આરોપી (૧) વિશાલ બનજારાભાઈ (૨) કૌશિક (બન્ને રહે. સરદારબ્રીજ હેલ્થ સ્ટાફ ક્વાર્ટર જમાલપુર) અને (૩) અજાણ્યો છોકરા એ ભેગા મળી જુના ઝગડાની અદાવત રાખી એકબીજાની મદદગારીથી કટાર જેવા હથિયાર વડે વિજયને ઉપર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ કરી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર શેલાર ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૨/૧૪**

**બાપુનગરઃ** બાપુનગર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની યુવતીએ તા.૨૪/૯/૧૪ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૧ થી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) બકુલભાઈ વાલજીભાઈ પરમાર એ આરોપી (૨) વાલજીભાઈ ચકુભાઈ પરમાર અને (૩) કાંતાબેન વાલજીભાઈ પરમાર (તમામ રહે.સદાસિવ એપાર્ટમેન્ટ હિરાભાઈ ટાવરની બાજુમા મણીનગર) ની મદદગારીથી બાપુનગરની ગેસ્ટ હાઉસમા તથા ખુલ્લા ખેતરમાં લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ અવારનવાર સરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર આર વસાવા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૩/૧૪**

**બાપુનગરઃ** ઉમાબહેન શૈલેન્દ્રસિંહ કુશવાહ (રહે.તિરૂપતી એસ્ટેટ સામે સ્લમ ક્વાર્ટર સરસપુર) એ તા.૨૪/૯/૧૪ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૯/૧૪ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી ઉપાસનાબહેન (ઉ.વ.૧૭) ને ગુજરાત હાઉસીંગ બોર્ડ નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એ પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૪/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** ભગવતીલાલ શાંતીલાલ શર્મા (પુજારી) (રહે.સીમંધર સ્ટેટસ નામની બનતી નવી સ્કીમની દુકાનમાં ગોતા દેવનગર ગામની પાછળ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૯/૧૪ પહેલા સીમંધર શ્વેતાંબર મુર્તિપુજક જૈન દેરાસર ના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દેરાસરમાં પ્રવેશ કરી દાન પેટીમાં રાખેલ રૂપિયા ૨૫,૦૦૦/- અને ચાંદીના શ્રીફળ કિમત રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ એલ રાજપુત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૨૫/૧૪**

**ચાંદખેડાઃ** સંદીપ શ્યામસ્વરૂપ ધવન (રહે. હિમાલયા ઝીરકોન સોસાયટી મોટેરા) એ તા.૨૪/૯/૧૪ રાતના ૮/૦૦ વાગે ચાંદખેડા સંગાથ મોલ રીલાયન્સ ફ્રેસની સામે પોતાની કાર પાર્ક કરી હતી. દરમ્યાન કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ સંદીપ ધવને ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ કે બાંગા ચલાવે છે.

**આનંદનગરઃ** રીતેશ ગુણવંતલાલ પટેલ (રહે.સેક્ટર ૫/એ ગાંધીનગર) એ તા.૨૪/૯/૧૪ સવારના ૮/૩૦ વાગે સેટેલાઈટ સેલ્બી હોસ્પીટલની બાજુમાં આવેલ પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી હતી. દરમ્યાન પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ,મોબાઈલ ફોન મળી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ રીતેશ પટેલે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેશભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૬/૧૪**

**નરોડાઃ** અમરબા લક્ષ્મણજી પરમાર (રહે.અમરદીપ સરદારચોક કૃષ્ણનગર નરોડા) તા.૨૪/૯/૧૪ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે અમરદીપ રોહાઉસ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અમરબાના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૮.૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અમરબા પરમારે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૨૭/૧૪**

**ખાડીયાઃ** અશ્વિનભાઈ દુધરેજીયા તા.૨૪/૯/૧૪ કલાક ૧૦/૪૦ વાગ્યાના સુમારે ભુતની આંબલી ચાર રસ્તા આશાવલ ગાર્ડન નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વહન બેદરકારીથી ચલાવી અશ્વિનભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજ્યું હતુ. આ અંગે ખાડીયા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ ટી અસારી ચલાવે છે.

**વેજલપુરઃ** મુકેશભાઈ નરોત્તમભાઈ પ્રજાપતિ (રહે.મનોરમાપાર્ક અંબેમાતાના મંદિર પાસે ઈસનપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૯/૧૪ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રાહુલ ભુપતભાઈ ખસતીયા (ઉ.વ.૨૧) એક્ટીવા ચલાવી શાસ્ત્રીબીજ વિશાલા સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈસર ગાડીના ચાલકે આઈસર ગાડી બેદરકારીથી ચલાવી રાહુલના સ્કુટરને ટક્કર મારતા રાહુલને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વેજલપુર ચોકી ઈન્ચાર્જ ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૨૮/૧૪**

**વટવાઃ** ગીતાબહેન મુન્નાભાઈ ઠાકોર (ઉ.વ.૩૬)(રહે.નવી નગરી રાવળવાસ ચોરસ ગામ દસ્ક્રોઈ) ને તા.૨૩/૯/૧૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના દરવાજાને અડતા ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા ઘટના સ્થળ ઉપર તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ મુળજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૨૯/૧૪**

**ચાંદખેડાઃ** સપનાબહેન અનિલચંદ્ર બટકર (ઉ.વ.૫૦)(રહે.શુકન રેસીડન્સી ચાંદખેડા) એ અનિલચંદ્રને પંખો ચાલુ કરવાનુ કહેતા અનિલચંદ્ર બિમાર હોઈ પંખો ચાલુ ન કરતા મનમાં લાગી આવતા તા.૨૪/૯/૧૪ બપોરના ૧/૩૦ વાગે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર એમ દવે ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.